# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## મહાનગર સેવા સદન
## પબ્લિસિટી વિભાગ
સી-બ્લોક, પહેલો માળ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૧
**Email ID : publicity.amc@gmail.com**

પ્રેસ પ્રસિધ્ધિને લગતી કામગીરી, મ્યુ. ડાયરીનું પ્રકાશન તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાતા ભૂમિપૂજન, લોકાર્પણ, શિલારોપણ, ઉદ્ઘાટન, નાગરિક સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા સમારંભોને લગતી કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

| અધિકારીનું નામ | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|
| **શ્રી ચિરાગ પટેલ**<br>આસી. મેનેજર (પબ્લિસિટી)<br>(અપીલ અધિકારી) | ૨૫૩૯૧૮૧૧<br>Ex. ૫૫૫/૪૩૨ | ૯૩૭૬૦૧૬૭૯૦ |
| **શ્રી ઈમામખાન પઠાણ**<br>ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ<br>(જાહેર માહિતી અધિકારી) | ૨૫૩૯૧૮૧૧<br>Ex. ૫૫૫/૪૩૨ | |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું મહત્વનું અને જીવંત કામગીરી ધરાવતા પબ્લિસિટી વિભાગ મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોની જાહેરખબર સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધિ થાય છે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મહત્વની ઘટનાઓ, મ્યુનિસિપલ હોદ્દેદારો દ્વારા થતી મહત્વની જાહેરાતો અને વિવિધ કાર્યક્રમોની માહિતી સભર પ્રેસનોટો પણ આ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે દર અઠવાડિયે એક વાર પ્રેસ મીટીંગનું આયોજન કરી સ્થાનિક દૈનિક વર્તમાનપત્રના પત્રકારો અને કમિશનરશ્રી સાથે સીધી મુલાકાતનું આયોજન પબ્લિસિટી વિભાગ કરે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કાર્પોરેશનના મહત્વના પ્રોજેકટો, નાગરિક સેવાઓ અને રીક્રિએશનલ સ્થળોનું ભૂમિપૂજન, લોકાર્પણના કાર્યક્રમોના આયોજનની કામગીરી જેવી કે નિમંત્રણ કાર્ડ છપાવવા, ફોટોગ્રાફી/વિડિયોગ્રાફી, સ્ટેજ ડેકોરેશન, કાર્યક્રમનું સંચાલન, સંકલન અને કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ ફોટોગ્રાફ્સ સાથેની પ્રેસનોટની પ્રસિદ્ધિ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ/વિભાગોની માહિતી, રાજ્ય સરકારના વિવિધ વિભાગોની માહિતી, પ્રેસ મિડીયા, પોલીસ વિભાગની માહિતી તેમજ વર્ષ દરમ્યાન યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોની ફોટોગ્રાફ્સ સાથેની માહિતી ધરાવતી "મ્યુનિસિપલ ડાયરી"નું પ્રકાશન પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કાર્પોરેશનની મુલાકાતે આવતા દેશ વિદેશના પ્રતિનિધિ મંડળો સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મહત્વની પ્રોજેક્ટ સાઈટ અને મીટીંગો દ્વારા પ્રેઝન્ટેશન માટે જે તે ખાતે સંકલન કરી કોર્પોરેશનની વિકાસ ગાથાની માહિતી આ પ્રતિનિધિ મંડળોને આપવામાં આવે છે. જેના દ્વારા આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આંતરરાષ્ટ્રીય ફલકે મહત્વનું સ્થાન મેળવેલ છે.

અમદાવાદ શહેરમાં ઘટતી આકસ્મિક ઘટનાઓ કે કુદરતી હોનારતોની માહિતી સ્થાનિક પત્રકારોને, ફોટોગ્રાફરોને સાચી માહિતીથી વાકેફ કરી સ્પષ્ટ ચિત્ર શહેરીજનો સમક્ષ રજુ કરવામાં અને કોર્પોરેશનની કામગીરીથી વાકેફ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આમ, પબ્લિસિટી વિભાગ એ Event Management, Public Relation & Publication, Protocol, Electronic & Print Media Co-Ordination ની મહત્વની કામગીરી ધરાવતો વિભાગ છે.


પબ્લિસિટી વિભાગ
ડે.મ્યુનિસિપલ કમિશનર
આસી. મેનેજર
ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ
હેડ કલાર્ક
ડી.ટી.પી.ઓપરેટર - ૧
સીની. કલાર્ક - ૧
સહાયક સીની. કલાર્ક - ૧
જુ. કોમ્પ્યુટર ઓપરેટર - ૧
જુ. કલાર્ક - ૪
સહાયક જુ. કલાર્ક - ૨
પટાવાળા - ૩
સફાઈ કામદાર-૧